New Cri. Case. No. 2002043 of 1992
Old Cri. Case. No. 1491 of 1991
Judgement

દાખલ તારીખ : ૧૫/૦૭/૧૯૯૧

રજુ કર્યા તારીખ : ૧૫/૦૭/૧૯૯૧

ફેંસલ કર્યા તારીખ : ૦૧/૦૧/૨૦૨૫

સમય : વર્ષ, માસ, દિવસ.

મહે. ૧૬ માં એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ મધ્યે,

અમદાવાદ.

નવો ફોજદારી કેસ નં. – ૨૦૦૨૦૪૩/૧૯૯૨

જુનો ફોજદારી કેસ નં. – ૧૪૯૧/૧૯૯૧

આંક –

<u>ફરિયાદી</u> :–

શ્રી સરકાર

વિરૂધ્ધ

<u>તહોમતદારો</u> :–

(૧) પોપટલાલ રેવનદાસ પંચાલ, ઉ. વ. – ૩૪,

રહે. માલજીભાઇના મકાનમાં, અર્બુદાનગર પાસે,

અમદાવાદ,

(૨) હસુમતી રણછોડભાઇ ચકુરામ પંચાલ, ઉ. વ. – ૪૨,

રહે. ૨૨૪ રબારી કોલોની, ઓઢવ, અમદાવાદ.

ગુન્હો :– ભારતીય દંડ સંહિતાની કલમ – ૪૯૮(ક), ૩૨૩, ૫૦૬(૧), ૧૧૪ મુજબ.

---

**શ્રી સરકાર તરફે :– વિ. એ. પી. પી. શ્રી એચ. બી. દેસાઇ.**
**તહોમતદારો તરફે :– કોઇ નહી**

---

**<u>–:: ચુકાદો ::–</u>**

**(૧)** આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકતો એવી રહેલ છે કે, આ કામના તહોમતદાર નં. – ૧ ને તહોમતદાર નં. – ૨ સાથે છેલ્લા બે વર્ષથી આડા સબંધો ધરાવતા હોઇ અને તે વાત ફરીયાદી બાઇ જાણતી હોઇ બન્ને અવાર – નવાર એક બીજા સાથેના આડા સબંધ ભુલી જવાનું કહેવા છતાં માનેલા નહી. તહોમતદાર નં. – ૧ વાળાએ ફરીયાદી બાઇને મારઝુડ કરી ત્રાસ આપવાનું ચાલુ રાખેલ તા. ૧૬/૦૬/૧૯૯૧ ના કલાક ૮.૦૦ વાગે તહોમતદાર નોકરી પરથી ઘરે આવેલા અને ઘરમાં ચા, ખાંડ કેરોસીન નહી હોવા છતાં ગમે ત્યાંથી પૈસા કમાઇ લાવવાનું કહેતાં ફરીયાદીએ ઈન્કાર કરતા ગડદા પાટુનો માર મારી મારે તારી જરૂર નથી ગમે ત્યાં ચાલી જા ફરીથી ઘરમાં આવી તો કેરોસીન છાંટી સળગાવી મારવાની ધમકી આપેલ. તહોમતદાર નં. – ૨ વાળાએ અગાઉ ફરીયાદીને તેણીનું ઘર છોડી જતી રહેવા જણાવતા ન જાય તો તહોમતદાર નં. – ૧ થી તથા બીજા ઓળખીતાથી હાથ પગ તોડી નાખવાની ધમકી આપેલી. બન્નેએ ગુન્હો કરવામાં એક બીજાની મદદગારી કરી પકડાઇ જઇ ગુન્હો કરવા બાબતે ફરિયાદીએ તહોમતદાર વિરૂદ્ધ ઓઢવ પોલીસ સ્ટેશનમાં જાહેર કરતા આ ફરીયાદ ભારતીય દંડ સંહિતાની કલમ – ૪૯૮(ક), ૩૨૩, ૫૦૬(૧), ૧૧૪ મુજબની ગુ. ર. નં. ફસ્ટ – ૧૭૦/૧૯૯૧ થી ગુનો રજીસ્ટર કરેલ અને હાલના તહોમતદારને અટક કરેલ અને તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરાવો જણાંતા તહોમતદાર વિરૂદ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૧૭૩ અન્વયે ચાર્જશીટ તા. ૧૫/૦૭/૧૯૯૧ ના રોજ દાખલ કરેલ હતું.

**(૨)** આ કામના તહોમતદારો લાંબા સમયથી સતત ગેરહાજર રહેતા હોય તેમજ અદાલત દ્વારા તહોમતદારો વિરૂદ્ધ અવાર નવાર સમન્સ / વોરંટ ઈશ્યુ કરવામાં આવેલ છે, તેમ છતાં તેઓને

સમન્સ કે વોરંટ બજી શકેલ નહી, તેમજ તેઓના જામીનદારને પણ નોટીસો કરતાં જામીનદાર પણ મળી આવવાની શકયતા નથી. વધુમાં, આક્ષેપિત બનાવ સને – ૧૯૯૧ ના વર્ષનો હોય અને તહોમતદારો મળી શકવાની શકયતા નહીંવત જણાઇ આવતી હોય તે હકીકત ધ્યાને લેતા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૨૯૯ મુજબ આ કામ આગળ ચલાવવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાઇ આવેલ છે.

(૩) આ કામે તહોમતદારો વિરૂદ્ધ સી. આર. પી. સી. કલમ – ૨૯૯ મુજબની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કર્યા બાદ પ્રોસેસ કરવામાં આવતા આ કામના ફરિયાદી તથા સાહેદોને સાહેદ સમન્સ કરતા મળી આવતાં ન હોવાના શેરાની હકીકતો આધારીત પરત આવેલ છે. આમ, આ હકીકતો ધ્યાને લેતાં આ કામે કોઇપણ સાહેદોને તપાસી શકાયેલ નથી. ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયો હોય પુરાવો બંધ કરવાની મૌખિકમાં વિનંતી કરતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરિયાદપક્ષની હકીકતો ધ્યાને લેતાં આ કામના ફરિયાદપક્ષે રેકર્ડ પર પુરાવો રજુ રાખેલ ન હોવાની હકીકતોએ તથા આ કામ ક્રિ. પ્રો. કો. કલમ – ૨૯૯ મુજબ ચાલતુ હોય આ કામના તહોમતદારનું સી.આર.પી.સી. કલમ – ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે વિસ્તૃત દલીલો સાંભળવામાં આવી.

(૫) આ કામે ફરિયાદપક્ષે રજુ રાખવામાં આવેલા પુરાવાની હકીકતોને ધ્યાને લેતાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-: મુદ્દા :-</u>**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદાર નં. – ૧ ને તહોમતદાર નં. – ૨ સાથે છેલ્લા બે વર્ષથી આડા સબંધો ધરાવતા હોઇ અને તે વાત ફરીયાદી બાઇ જાણતી હોઇ બન્ને અવાર – નવાર એક બીજા સાથેના આડા સબંધ

ભુલી જવાનું કહેવા છતાં માનેલા નહી. તહોમતદાર નં. – ૧ વાળાએ ફરીયાદી બાઇને મારઝુડ કરી ત્રાસ આપવાનું ચાલુ રાખેલ તા. ૧૬/૦૬/૧૯૯૧ ના કલાક ૮.૦૦ વાગે તહોમતદાર નોકરી પરથી ઘરે આવેલા અને ઘરમાં ચા, ખાંડ કેરોસીન નહી હોવા છતાં ગમે ત્યાંથી પૈસા કમાઇ લાવવાનું કહેતાં ફરીયાદીએ ઇન્કાર કરતા ગડદા પાટુનો માર મારી મારે તારી જરૂર નથી ગમે ત્યાં ચાલી જા ફરીથી ઘરમાં આવી તો કેરોસીન છાંટી સળગાવી મારવાની ધમકી આપેલ. તહોમતદાર નં. – ૨ વાળાએ અગાઉ ફરીયાદીને તેણીનું ઘર છોડી જતી રહેવા જણાવતા ન જાય તો તહોમતદાર નં. – ૧ થી તથા બીજા ઓળખીતાથી હાથ પગ તોડી નાખવાની ધમકી આપેલી. બન્નેએ ગુન્હો કરવામાં એક બીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ – ૪૯૮(ક), ૩૨૩, ૫૦૬(૧), ૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો કર્યો છે.

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓનો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>–:: કારણો ::–</u>**

**<u>–: મુદ્દા નં. ૦૧ ના કારણોની ચર્ચા :–</u>**

**(૭)** આ કામે ફરિયાદપક્ષની સમગ્ર હકીકતો ધ્યાને લેતા આ કામના ફરિયાદીને તેમજ સાહેદોને સમન્સ કરતા મળી આવતાં ન હોવાથી તેઓને તપાસી શકાયેલ નથી. આવા સંજોગોમાં ફરિયાદીની ફરિયાદ હકીકત રેકર્ડ પર લાવી શકાયેલ નથી. વધુમાં, આ કામે તપાસ કરનાર અધિકારીશ્રીનાઓને પણ સાહેદ સમન્સ કરતાં શેરા સાથે પરત આવેલ હોય, તે હકીકતોએ આ કામેની ફરિયાદીની ફરિયાદ હકીકતો રેકર્ડ પર લાવી શકાયેલ નથી. આ કામના ફરિયાદી તથા તપાસ કરનાર અધિકારીશ્રીની ગેરહાજરીમાં આ કામના તહોમતદારોએ કહેવાતો ગુનો કરેલ હોવાની હકીકતો રેકર્ડ

પર સાબિત કરવામાં ફરિયાદપક્ષ સફળ થયેલ હોવાનું માનવાને કારણ જણાઇ આવતું નથી. આવા સંજોગોમાં ફરિયાદપક્ષની હકીકતો પરત્વે મહત્વની શંકાઓ ઉત્પન્ન થાય છે.

(૮) આ કામે ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં ફરિયાદપક્ષના પુરાવામાં મહત્વની શંકાઓ ઉત્પન્ન થાય છે. જયારે ફરિયાદપક્ષના પુરાવામાં મહત્વની શંકાઓ ઉત્પન્ન થતી હોય ત્યારે આવી શંકાનો લાભ તહોમતદારોને આપવો જોઇએ, તેમ નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલતોના માર્ગદર્શક સિદ્ધાંતોથી વખતો વખત ઠરાવવામાં આવેલ છે. તે હકીકતોએ હાલના કામે ઉત્પન્ન થતી શંકાનો લાભ તહોમતદારોને આપવો જોઇએ તેમ મારું માનવું છે.

(૯) આમ, ફરિયાદપક્ષ તહોમતદારો સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.વધુમાં,આ કામના તહોમતદારો મળી આવતાં નથી. નામદાર મહેરબાન ગુજરાતની વડી અદાલત દ્વારા પણ સરકયુલર બહાર પાડી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૨૯૯ અને ૩૫૩(૬) ના પ્રબંધોનો તેના ઉદ્ધેશ અનુસાર ઉપયોગ કરવા માટે સૂચનાઓ આપવામાં આવેલી છે. હાલનો કેસ સને – ૧૯૮૭ ની સાલનો જુનો છે. આ કામે તહોમતદારો સામે એવો કોઇ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે, જેના આધારે તેઓને તકસીરવાન ઠરાવી શકાય. આમ, જયારે તહોમતદારો સામે તેઓને નિ:શંકપણે તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઇ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી, ત્યારે ફકત તહોમતદારોની ગેરહાજરીના કારણે આ કેસ પડતર રાખવાથી ન્યાયનો હેતુ સરે તેમ નથી અને આ કેસ પડતર રાખવાથી માત્ર કેસોના ભારણમાં વધારો થાય છે. અદાલતો પર વધતા કેસોના ભારણમાં આવા કેસો પડતર રાખવાથી ખોટો વધારો કરવો ન્યાયોચિત જણાતું નથી. આ તમામ સંજોગોમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૩(૬) અનુસાર તહોમતદારો સામેનો કેસ ફેંસલ કરવો ન્યાયના વિશાળ હિતમાં જરૂરી હોય, તે મુજબનો આખરી હુકમ કરવામાં આવેલ છે.

જેથી ઉપરોકત રેકર્ડ પરની તમામ હકીકતો તથા કારણો તથા સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરિસ્થિતિ ધ્યાને લઇ મુદ્દા નંબર – ૦૧ નો જવાબ '' **નકાર** '' માં આપી મુદ્દા નંબર – ૦૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

૧. આ કામે ઓઢવ પોલીસ સ્ટેશનના ગુ. ર. નં. ફસ્ટ – ૧૭૦/૧૯૯૧ ના કામના તહોમતદાર નં – ૧) પોપટલાલ રેવનદાસ પંચાલ, ઉ. વ. – ૩૪, રહે. – માલજીભાઇના મકાનમાં, અર્બુદાનગર પાસે, અમદાવાદ, તથા તહોમતદાર નં – ર) હસુમતી રણછોડભાઇ ચકુરામ પંચાલ, ઉ. વ. – ૪ર, રહે. – રર૪ રબારી કોલોની, ઓઢવ, અમદાવાદવાળાઓને ક્રિમીનલ પ્રોસિઝર કોડની કલમ – ર૪૮(૧) સાથે વાંચતા કલમ – ૩પ૩ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૪૯૮(ક), ૩ર૩, પ૦૬(૧), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમાંથી બિનતહોમત મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

ર. આ કામના તહોમતદારે અગાઉ આપેલ જામીન અપીલ સમયના જામીન તરીકે ગણી લેવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. – ૦૧ લી, માહે – જાન્યુઆરી, સને – ર૦રપ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**સ્થળ: અમદાવાદ.**
**તા. ૦૧/૦૧/ર૦રપ**

**(પરેશગીરી નટવરગર ગોસ્વામી)**
**૧૬ માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ શહેર.**
**કોડ નં. – જીજે – ૦૧૦૩૭**

#JPSADAT#